# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પોતાના કાર્યાલય સેવા તીર્થની સાથે કર્તવ્ય ભવન-1 અને 2નું ઉદ્ઘાટન કરશે

2) સંસદમાં ઔદ્યોગિક સંબંધો શ્રમ સંહિતા સુધારા બિલ 2026 પસાર

3) ભારતીય રિઝર્વ બેંકે કિસાન ક્રેડિટ કાર્ડ યોજના માટે નવા સુધારા ડ્રાફ્ટ રજૂ કર્યું -નવું કાર્ડ છ વર્ષ સુધી માન્ય રહેશે

4) સરકારે 5 રાજ્યોમાં ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને મજબૂત બનાવવા માટે 3 હજાર 324 કરોડથી વધુની મંજૂરી આપી

5) આજે સમગ્ર વિશ્વમાં “રેડિયો અને કૃત્રિમ બુદ્ધિમત્તા”ની વિષયવસ્તુ સાથે વિશ્વ રેડિયો દિવસની ઉજવણી કરાશે

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SEVA TIRTHA

નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતાના કાર્યાલય સેવા તીર્થનું અને કર્તવ્ય ભવન-1 અને 2 નું ઔપચારિક ઉદ્ઘાટન આજે કરશે.

આ આધુનિક સંકુલો પ્રધાનમંત્રી મોદીના આધુનિક, કાર્યક્ષમ, સુલભ અને નાગરિક-કેન્દ્રિત શાસન નિર્માણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

સેવા તીર્થમાં પ્રધાનમંત્રી કાર્યાલય, રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને કેબિનેટ સચિવાલય છે, જે બધા અગાઉ અલગ અલગ સ્થળોએ સ્થિત હતા, હવે આ નવી ઇમારત સંકુલ વહીવટી કાર્યોને આધુનિક અને ભવિષ્ય માટે તૈયાર સુવિધાઓને એક જ સ્થળે રહશે. કર્તવ્ય ભવન-1 અને 2 માં ઘણા મુખ્ય મંત્રાલયો છે.

# PARLIAMENT

સંસદે ઔદ્યોગિક સંબંધો શ્રમ સંહિતા (સુધારા) બિલ, 2026 પસાર કરી દીધું છે અને રાજ્યસભાએ તેને સાંજે મંજૂરી આપી દીધી છે. અગાઉના દિવસે લોકસભાએ આ કાયદો પસાર કર્યો હતો.

બિલ પરની ટૂંકી ચર્ચાનો જવાબ આપતા, શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, કાયદાકીય સ્પષ્ટતા માટે સુધારા બિલ લાવવામાં આવ્યું છે.મહિલા અને પુરુષ બન્ને ને સમાન વેતન મળશે

બાઇટ - MANSUKH-MANDAVIYA

શ્રમ સંહિતા હેઠળ, દરેક યુવાનોને નોકરી સાથે નિમણૂક પત્ર આપવાની ગેરંટી સુનિશ્ચિત કરવામાં આવી છે. શ્રી માંડવીયા કહ્યું કે, શ્રમ સંહિતા સામેનો વિરોધ ફક્ત રાજકારણથી પ્રેરિત છે. કાયદાનો વિરોધ કરતા, કોંગ્રેસના જયરામ રમેશે કહ્યું કે, બિલ ભરતીમાં સરળતા લાવશે નહીં. તેમણે આરોપ લગાવ્યો કે આ શ્રમ સંહિતા શ્રમ વિરોધી છે.

## FINANCE MINISTER

સંસદના બંને ગૃહો આગામી મહિનાની 9મી તારીખે ફરી શરૂ થનારા બજેટ સત્રમાં મુલતવી રાખશે. બજેટ સત્ર બે તબક્કામાં યોજાઈ રહ્યું છે, પ્રથમ તબક્કો 28 જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં સંબોધન સાથે શરૂ થયો હતો. બીજો તબક્કો 2 એપ્રિલ સુધી ચાલશે.

ગઈકાલે, નાણામંત્રી નિર્મલા સીતારમણે રાજ્યસભામાં કેન્દ્રીય બજેટ પરની ચર્ચાનો જવાબ આપ્યો. શ્રી સીતારમણે ઉમેર્યું કે ફુગાવો ઓછો રાખીને ઉચ્ચ વૃદ્ધિ જાળવી રાખવામાં આવી છે.

રાષ્ટ્રીય આંકડા કાર્યાલયના અંદાજોને ટાંકીને, નાણામંત્રીએ જણાવ્યું હતું કે, 2025-26માં ભારતનો GDP 7.4 ટકાના દરે વધવાનો અંદાજ છે. તેમણે ઉમેર્યું કે છૂટક ફુગાવો ઘટીને 2 ટકા થયો છે, જે મજબૂત આર્થિક મૂળભૂત બાબતોને પ્રતિબિંબિત કરે છે.

શ્રી સીતારમણે જણાવ્યું કે બેરોજગારી 2017-18 માં 5.6 ટકાથી ઘટીને 2023-24 માં 3.2 ટકા થઈ છે, જે દર્શાવે છે કે અર્થતંત્ર રોજગારીનું સર્જન કરી રહ્યું છે. 200 લેગસી ઔદ્યોગિક ક્લસ્ટરોને પુનર્જીવિત કરવાની યોજનાઓની જાહેરાત

કરી. ઔદ્યોગિક સંબંધો સંહિતા (સુધારા) બિલ, 2026 પસાર થયા પછી, ગૃહે તાત્કાલિક જાહેર મહત્વના મુદ્દાઓ ઉઠાવ્યા.

# PANCHAYATI RAJ

સરકારે 5 રાજ્યોમાં ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને મજબૂત બનાવવા માટે 2025-26 માટે 15મા નાણા પંચના ગ્રાન્ટનો બીજો હપ્તો ત્રણ હજાર 324 કરોડ રૂપિયાથી વધુ મંજૂર કર્યો છે.

આ 5 રાજ્ય બિહાર, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ છે. પંચાયતી રાજ મંત્રાલયે જણાવ્યું કે, અનટાઈડ ગ્રાન્ટનો ઉપયોગ સ્થાન-વિશિષ્ટ જરૂરિયાતો માટે કરવામાં આવશે.

# RBI KISAN CREDIT CARD

ભારતીય રિઝર્વ બેંકે કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) યોજના માટે સુધારેલા ડ્રાફ્ટ ધોરણો જારી કર્યા છે. આ ડ્રાફ્ટમાં માટી પરીક્ષણ, હવામાન આગાહી અને ઓર્ગેનિક પ્રમાણપત્ર જેવી કૃષિ-ટેક પહેલ પરના દરેક ખર્ચને કૃષિ લોનમાં સમાવવાનો પ્રસ્તાવ છે.

આ ડ્રાફ્ટમાં 2 લાખ રૂપિયા સુધીની કૃષિ સંલગ્ન લોન માટે બાંહેધરીની જરૂર નહીં KCC હેઠળ ડ્રોઇંગ મર્યાદા પાક-વાર નાણાકીય સહાય કરવામાં માટે એક હેક્ટર સુધીના સીમાંત ખેડૂતો માટે 10 હજારથી 50 હજાર રૂપિયાની ક્રેડિટ મર્યાદા નક્કી કરવામાં આવી છે.

**RBIએ ટૂંકા ગાળાના પાક માટે 12 મહિના અને લાંબા ગાળાના પાક માટે 18 મહિનાની પાક મુદતને માન્ય કરી છે અને KCC માન્યતાને છ વર્ષ સુધી લંબાવી છે. ડ્રાફ્ટ પર પ્રતિસાદ 6 માર્ચ, 2026 સુધીમાં સબમિટ કરી શકાય છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# QUAD -US AI FARM PROJECTS

**અમેરિકાના રાષ્ટ્રીય વિજ્ઞાન ફાઉન્ડેશન (NSF) એ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ AI દ્વારા અમેરિકા અને ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં કૃષિને આધુનિક બનાવવા માટે ક્વાડ-સમર્થિત પહેલ હેઠળ પ્રથમ પુરસ્કારોની જાહેરાત કરી છે.**

**એડવાન્સિંગ ઇનોવેશન્સ ફોર એમ્પાવરિંગ નેક્સ્ટ-જેન એગ્રીકલ્ચર, અથવા AI- અંગેજ નામનો આ કાર્યક્રમ છ આંતરરાષ્ટ્રીય સંશોધન પ્રોજેક્ટ્સને સમર્થન આપશે. NSF આ પ્રયાસમાં 24 લાખ ડોલરનું રોકાણ કરી રહ્યું છે.**

જેમાં NSF ઓસ્ટ્રેલિયાના રાષ્ટ્રમંડળ વૈજ્ઞાનિક અને ઔધ્યોગિક સંશોધન સંસ્થા, જાપાન વિજ્ઞાન અને ટેકનોલોજી એજન્સી તથા ભારતીય કૃષિ સંશોધન પરિષદ સામેલ છે.

આ પ્રોજેક્ટ્સ કૃષિમાં AI અને અન્ય ઉભરતી તકનીકોને લાગુ કરવાની યોજના ધરાવે છે. ધ્યેય ખેડૂતોને પાકની ઉપજ વધારવા અને જીવાતોનું વધુ અસરકારક રીતે સંચાલન કરવામાં મદદ કરવાનો છે. આ છ પ્રોજેક્ટ્સ અગ્રણી અમેરિકન યુનિવર્સિટીઓમાં ચાલી રહ્યા છે અને તેમાં ત્રણ ક્વાડ દેશોના સંશોધકો સામેલ છે.

# DEFENSE ACQUISITION COUNCIL

સંરક્ષણ સંપાદન પરિષદ (DAC)એ સશસ્ત્ર દળોની ક્ષમતા વધારવા માટે લગભગ 3.60 લાખ કરોડ રૂપિયાના પ્રસ્તાવોને મંજૂરી આપી છે.

સંરક્ષણ મંત્રાલયે માહિતી આપી કે ભારતીય વાયુસેના માટે ખરીદવામાં આવનારા મોટાભાગના MRFA ભારતમાં બનાવવામાં આવશે. તેમાં ઉમેર્યું કે કોમ્બેટ મિસાઇલો ઊંડા પ્રહાર શક્તિ અને ખૂબ જ ઉચ્ચ ચોકસાઈ સાથે સ્ટેન્ડ-ઓફ ગ્રાઉન્ડ એટેક ક્ષમતામાં વધારો કરશે.

સાંભળીએ એક અહેવાલ....

## V/C - SHAKTI-SINGH

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે તે ભારતની દરિયાઇ સુરક્ષાને મજબૂત બનાવતી વખતે આત્મનિર્ભર ભારત અને મેક-ઇન-ઇન્ડિયા પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

# BANGLADESH VOTE COUNTING

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ૧૩મી રાષ્ટ્રીય ચૂંટણીમાં શાનદાર જીત તરફ આગળ વધી રહી છે. અત્યાર સુધીના આંકડા મુજબ BNP ૧૭૦ મતવિસ્તારોમાં આગળ છે.

# SHIVRAJSINGH

કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કરતા કહ્યું કે શ્રી ગાંધીને દેશના ખેડૂતોની બહુ ઓછી ચિંતા છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી ચૌહાણે કહ્યું કે, રાહુલ ગાંધી ક્યારેય ખેડૂતોના સશક્તિકરણથી સહજ રહ્યા નથી અને તેમને વારંવાર રાષ્ટ્ર વિરોધી નિવેદનો આપતા જોવા મળ્યા છે.

કૃષિ મંત્રીએ કહ્યું કે શ્રી ગાંધીએ જુઠ્ઠાણા ફેલાવવાના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે અને તેઓ જુઠ્ઠાણા ફેલાવીને લોકોમાં મૂંઝવણ ઉભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

BYTE: SHIVRAJSINGH

# RADIO DIVAS

આજે વિશ્વ રેડિયો દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. ૧૯૪૬માં સંયુક્ત રાષ્ટ્ર રેડિયોની સ્થાપનાની યાદમાં દર વર્ષે ૧૩ ફેબ્રુઆરીએ આ દિવસ ઉજવવામાં આવે છે.

આ વર્ષે થીમ "રેડિયો અને કૃત્રિમ બુદ્ધિ: AI એક સાધન છે, અવાજ નહીં." વિશ્વ રેડિયો દિવસ 2026 નિમિત્તે, છત્તીસગઢના આકાશવાણી રાયપુર, યુનેસ્કોના સહયોગથી, આજે વિશ્વ રેડિયો દિવસ કોન્ક્લેવનું આયોજન કરી રહ્યું છે.

દરમિયાન, આકાશવાણી અમદાવાદ પરિસરમાં આજે વિશ્વ રેડિયો દિવસની ઉજવણી કરાશે. આ કાર્યક્રમને વધુ યાદગાર બનાવા વિશેષ ગરબાનું આયોજન કરાયું છે જેમાં માથા ઉપર રેડિયો રાખીને બધા ગરબા રમશે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં અલગ-અલગ સમાચારોને મુખ્ય મથાળે લેવામાં આવ્યા છે.
- ગુજરાત સમાચાર અને નવ ગુજરાત સમયે લખ્યું છે કે, ભારત 3.6 લાખ કરોડના ખર્ચે 114 રફાલ ખરીદશે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, મોંઘવારી ગણતરીમાં OTT - ઓનલાઇન શોપિંગ ઉમેરાયા જ્યારે રેડિયો-સીડી બાકાત
- સંદેશ લખે છે કે, નિપાહ વાઇરસથી દેશમાં પહેલું મોત, ટેસ્ટ નેગેટિવ છતાં હાર્ટ એટેકથી જીવ ગયો.
- ફૂલછાબ લખે છે કે, અમદાવાદ પ્લેન ક્રેશ: પાઇલટે કરી હતી ફ્યુલ સ્વિચ બંધ.